સાલ : ૧૪ / સિલસિલાવાર નંબર : ૧૩૮ / શુમારો : ૬

કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشکوة الهادی

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૩૮ / ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૭

## ખુદાનો વુજૂદ અને ઈલ્મ

પાંચમાં ઈમામે હક્ક મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી પૂછવામાં આવું કે, ખુદાતઆલાના વુજૂદ અને એના હોવાની દલીલ શું છે? શું એ પહેલાથી જ છે? જેમ બીજી ચીઝો વુજૂદમાં આવે છે અને તે પહેલા હોતી નથી, તેમ ખુદાતઆલાના હોવામાં પણ આ જ મુજબ છે? શું આ ખલકત-પૈદાઈશના સબબ ખાલિક (ખુદા) ની પહેચાન થઈ? આપ મૌલાએ ફરમાવું કે, અય અઝીઝ ભાઈ! કોઈ પણ ચીઝ હોય છે તો તેની બે સૂરત સામે આવે છે. એક તો એ કે તે એમ કહે કે, મેં ખુદ મારી ઝાતને પૈદા કીધી છે, યા એ કે કોઈ બીજાએ મને પૈદા કીધો છે.

જો મેં ખુદ મારી ઝાતને પૈદા કીધી હોય તો મને ખબર હોવી જોઈએ કે, પહેલા મેં કહાઁ હતો? જે મને ખબર નથી. જો હું ખુદને પૈદા કરૂં તો મૌત પણ મારા હાથમાં હોય, કેમકે હું જાણું છું કે હું હમેશા રહેવાનો નથી. પણ મને ખબર છે કે, મૌત પણ મારા હાથમાં નથી. **જો હું ખુદને પૈદા કરૂં તો બીજાને પણ પૈદા કરી શકું.** જે મારા બસની વાત નથી. જો એમ પણ હોય કે, હું પહેલેથી જ હતો તો પછી પૈદા કરવાનો સવાલ જ ઊભો થાતો નથી. જો હું એમ કહું કે, મેં પહેલા નહતો તો જે ચીઝનો વુજૂદ જ નથી તે કોઈ પણ બીજી ચીઝને વુજૂદમાં લાવી જ ન શકે.

જો હું ખુદને પૈદા કરનાર નથી તો પછી હું જોઉં છું કે, મારા જેવા તો કેટલા બધા લોગો છે. તો તેઓ પણ મને પૈદા કરનાર નથી. હું જેમ છું તેમ તેઓ પણ છે. તો મારો પૈદા કરનાર અને તેઓનો પૈદા કરનાર કોઈ એક જ હોય. આ તમામને ઝિંદગી આપનાર અને મૌત આપનાર એક જ હોય. જે બીજાને ઝિંદગી આપે તે હમેશા ઝિંદા જ હોય અને ઝિંદા ઝાત એવી તાકતવર હોય કે, ઝિંદાને મૌત આપે અને મૌત થયેલાને ઝિંદા કરે. જે હોય તેને મિટાવી દે અને જે મિટેલું હોય તેને બનાવી દે. તો અય અઝીઝ ભાઈ! આ તમામ કાએનાતનો કારોબાર ચલાવનાર બીજું કોઈ નથી પણ ખુદા સુબ્હાનહૂ, વ તઆલા છે.

ખુદાતઆલા જે ચીઝને પૈદા કરે છે, તેનું ઈલ્મ તેને હોય છે. જઅદ બિન દરહમ ફિત્નાવર શખ્સ હતો. તેને પોતાના કાચા ઈલ્મ પર ખૂબ ગુરૂર હતો. ખુદાતઆલાની ખિલકત, પૈદાઈશ અને કુદરત વાસ્તે લોગોમાં ગલતફહેમી અને ફસાદદાર ખયાલાત ફેલાવતો હતો. એક વાર એં લોગોમાં વાત ફેલાવી કે, જો! હું પણ ખુદાની જેમ ચીઝોને પૈદા કરી શકું છું. આ સાંભલીને લોગો હયરતમાં આવી ગયા. આ વાતને સાબિત કરવા એં પોતાના સાથીઓને ભેગા કીધા. એક કાઁચની મોટી શીશી લીધી, તેમાં ભીગી માટી નાખી અને ચંદ દિનો વાસ્તે મુકી રાખી, એ હાલતમાં કે એક નાના સુરાખ માંથી હવાની અવર-જવર થાય.

ચંદ અય્યામ બાદ તે શીશીમાં નાના કીડા પૈદા થયા અને તે શીશીની દીવાલ પર ચઢવા લાગા. જઅદ આ જોઈને ગુરૂરમાં આવી ગયો અને પોતાના સાથીઓને કહેવા લાગો કે, **જોયું! આ માટીમાં પહેલા કઈ ન હતું મગર મારી કોશિશથી તેમાં કીડા પૈદા થયા. હું આ કીડાનો પૈદા કરનાર છે.** જે વક્ત ઈમામ આલી મકામને આ ચીઝની ખબર પડી તો ફરમાવું કે, તેને પૂછો કે, જો કીડાનો ખાલિક એ હોય તો એ બતાવે કે, તેમાં નર કેટલા છે અને માદા કેટલા છે? હરએક કીડાનું વઝન કેટલું છે? જો એં આ કીડાને પૈદા કીધા હોય તો કોઈ બીજી ચીઝ પણ પૈદા કરીને બતાવે!

લોગો એના પાસે ગયા અને આ સવાલો કીધા તો એ લાજવાબ થઈ ગયો. એની ઝબાન પર તાલા વાગી ગયા. લોગો એને પકડવા ગયા તો એ નાસી છુટો.. એવા મક્કારો તો ઝમાનામાં ઘણ થયા છે અને જૂઠની બિના પર હઝારો લોગો ગુમ્રાહ પણ થયા છે. આ વાકેઆથી જુદાગાના બીજો એક વાકેઓ એવો છે કે, એક જંગલ જે ખૂબ મોટું હતું અને તેમાં ખુદાની કુદરત એવી (બકીયાહ પેજ નં. ૪ પર)

## નમાઝની તાકત દોઆ છે.

## ઈમામુઝ્ઝમાન (અ.સ.) જ અલ્લાહતઆલાનું હકીકી નામ છે

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરએ યાસીનમાં ફરમાવે છે કે, **"વ કુલ્લા શયઈન અહસયનાહો ફી ઈમામિમ મુબીન"**, યાઅની હમેં ઈમામે મુબીનમાં કે જે હમારા તરફથી તયશુદા હોય છે, તેનામાં હર ચીઝને ઘેરી લીધી છે, સમાવી લીધી છે. ઈમામે હક્ક (ઈમામુઝ્ઝમાન) હમારા તરફથી આ ખલ્ક-ઝમીન પર હમારા નુમાઈંદા છે, હમારા નૂર છે, હમારા હિસ્સા છે, હમારી આયત છે, હમારા દરવાઝા છે, હમારી ઝિક્ર છે, હમારી કિતાબ છે, હમારા સલામ છે, હમારા કલામ છે, હમારી કુદરત છે, હમારી રસ્સી છે, હમારી રૂહ છે, હમારા અય્યામ છે, હમારી તસ્બીહ છે, હમારી સુન્નત છે, હમારો રસ્તો છે, હમારી કલમ છે, હમારી નેઅમત છે અને હમારા સૂરજ છે.

જેએ પોતાની ઝાતને, પોતાની જાનને, પોતાના નફસને ઓલખા, તેએ પોતાના ઈમામને ઓલખા અને જેએ પોતાના ઈમામને ઓલખા તેએ પોતાના ખુદાને ઓલખો, ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની હસ્તી અને મૌજૂદગીમાં અલ્લાહતઆલાનો જલ્વો, કુદરત, કઝા, અમર અને રઝા છુપાયેલી છે. ઈમામનું બોલવું અલ્લાહના કલામથી હોય છે, ઈમામનું જોવું અલ્લાહના નૂરથી હોય છે અને ઈમામનું અમલ કરવું અલ્લાહના અમરથી હોય છે.

ખાતેમુન્નબીયીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) આપના દૌરમાં અલ્લાહનું હકીકી નામ હતા, તેના ફરમાનો હુકમને ઉમ્મતમાં જારી, નાફિઝ અને રાઈજ કરનાર હતા. આપના બાદ આપના વસીએ આઅલા મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) તે આ જ નામના મસ્સૂલ બના, માલિક અને માઅના બના. આપના બાદ આપની આલે પાક કે, જેના ખુલાસા અને સિરાતે મુસ્તકીમ ઈમામુઝ્ઝમાન (અ.સ.) છે તે આજે અલ્લાહના હકીકી નામના સાહેબ છે. આલે હુસૈનના હરએક ઈમામ જે એક બાદ બીજા અલગ-અલગ વક્તોમાં કાઈમ થયા અને આજે પણ આ દાઅવતુલ હક્કના માલિકના એતેબારથી હાઝિર છે, સતરમાં છે, તે તમામ ઈમામો અલ્લાહના મુબારક નામો છે. **૯૯ નામો વાસ્તે આ ખલ્કમાં આલે અલીના ૯૯ ઈમામો થાશે તો જ કેયામત ઉઠશે.** હર એક ઈમામ અલ્લાહના એક નામ છે, લેહાઝા હમેં હર અમલ પહેલા "બિસ્મિલ્લાહ" બોલીએ છીએ. દોઆમાં આ નામોના વસીલા લઈએ છીએ. મસ્જિદોમાં તેને ખૂબસૂરતી સાથે નકશ કરાવીએ છીએ. ઝબીહતનો ગોશ્ત આ નામોના ઝરીએ જમીએ છીએ. ઘરોંમાં તેની તખ્તી અને ફ્રેમ લગાવીએ છીએ.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુલ અન્આમમાં ફરમાવે છે કે, "વલા તાઅકોલૂ મિમ્મા લમ યુઝકરિસ્મુલ્લાહે અલયહે", યાઅની, તે ચીઝને તમેં ના જમો કે જેના ઉપર અલ્લાહનું નામ લેવામાં ન આવું હોય. આ ફરમાને ઈલાહી મુતાબિક કોઈ શખ્સ એવી ચીઝ જમે કે, જેને જમવું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મનાઅ કીધું હોય અને તે ચીઝ પર ૧૦૦ મરતબા પણ અલ્લાહનું નામ પુકારવામાં આવે તો તે ચીઝનો શું હાલ? ભલેને તેના ઉપર ૧૦૦ વાર તો શું, પણ ૧૦૦૦ વાર પણ અલ્લાહનું નામ લેવાયું હોય મગર ઝમાનના નબીએ તેને જમવા વાસ્તે ઈન્કાર ફરમાવો હોય, તો તે ચીઝ કોઈ વક્ત જમવા વાસ્તે લાઈક બનતી નથી, પણ હરામ થઈ જાય છે. તો સાબિત એ થયું કે, **ઝમાનાના નબી યા એની જગા પર કોઈ પણ હક્કના સાહેબ હોય તેની રઝા, ખુશી અને હુકમ અલ્લાહના હકીકી નામની માઅના અદા કરે છે.**

જેમ કુરઆને કરીમ એક કિતાબી શક્લમાં લફ્ઝી છે, જેને ફક્ત પઢવામાં આવે, પણ જો હિદાયતની સૂરતમાં તેને મુકવી હોય તો તેને એક ઈમામે હક્કની ઝરૂરત પડે છે, જે તેને પઢીને તેની અસલી માઅનાને લોગો દરમિયાન સમઝાવે. આ જ શાકેલત પર ફક્ત અલ્લાહના નામ પઢવું કિફાયત નથી કરતું પણ તેના સાથે ઈમામમુઝ્ઝમાન (અ.સ.) ની માઅરેફત રાખીને, આપે જે ચીઝને હરામ ઠહેરાવી છે તેને હરામ સમઝવી અને જેને હલાલ ગરદાની છે તેને હલાલ સમઝવી, આમ કરવું જ અલ્લાહના હકીકી નામની અઝમત અને ઈઝ્ઝત કરવી છે.

હમારા હર એક ફાતેમી ઈમામ ફરમાવે છે કે, હમારો હર કૌલ અને અમલ અલ્લાહના દીનના હલાલો હરામ પર રચાયેલો છે. હમેં જે દીન પર છીએ તે અલ્લાહના ૯૯ મુબારક નામોની બુનિયાદ પર છે અને આ તમામનો ખુલાસો "લા ઈલાહા ઈલ્લલ્લાહ" માં છુપેલો છે. હમેં આ નામોંમાં રૂહ નાંખીએ છીએ. અલ્લાહએ આ ખલ્કને મૈયેત-મુડદા જેમ બનાવી છે (બકીયાહ પેજ નં. ૪ પર)

**દોઆની તાકત વસીલો છે.**

## કિસ્સો

નબીયુલ્લાહ દાઊદ (અ.સ.) ના ઝમાનામાં એક બાગબાન હતો જેનું આલીશાન મકાન હતું અને તેના બાઝૂમાં જ તેની અંગૂરની વાડી હતી. તે ઘણી મહેનત-મશક્કત કરતો, વાડી સાફ સુથરી રાખતો, દેખરેખ-માવજત કરતો. અંગૂરનો વેપાર પણ ઝોર પર હતો. એની વાડીને નઝદીક એક યતીમ દીકરો રહેતો હતો. જેના પાસે ચંદ બકરીઓ હતી. તેની આદત મુજબ તે પોતાની બકરીઓને ચરાવવા વાડીની આસપાસની ખુલ્લી જગાઓમાં રોઝ નિકલતો. એક દિન ઈત્તેફાક એવો થયો કે, જે વક્ત તે બકરીઓને લઈને ચરાવતો હતો, તો થાક લાગવાના સબબ એક દરખ્તના સાયામાં તેને ઊંઘનો ગલબો થયો, અને ગહેરી નિંદ સુઈ ગયો. તે દિન બાગબાનથી તેની વાડીનો દરવાઝો ખુલ્લો રહી ગયો અને બકરીઓ મૌકો જોતા જ વાડીમાં ઘુસી ગઈ, તમામ અંગૂર ખાઈ ગઈ અને પૂરી વાડીને તબાહ કરી દીધી.

બાગબાન પોતાનું કામ પતાવીને જે વક્ત વાડીમાં દાખિલ થયો અને નઝરથી તેમાં તબાહી-બરબાદી જોઈ તો માથું પકડીને બેસી ગયો. બકરીઓને મારી-મારીને વાડી માંથી કાઢી અને તે યતીમ દીકરાને પકડીને દાઊદ નબી નઝદીક બાગબાન શિકાયત કરવા આવો. દાઊદ નબી પોતાના અસ્હાબ સાથે બાગમાં પહોંચા અને જોયું કે, બાગમાં એક પણ અંગૂરી સલામત નથી. તેના તૂટેલા વેલા આમતેમ પડેલા છે. દાઊદ નબીએ ફેસલો આપો કે, તે દીકરાની તમામ બકરીઓને આ બાગબાન લઈ લે અને તેના સાથે જે કરવું હોય તે કરી શકે છે. ચાહે તો રાખી શકે છે, વહેંચી શકે છે યા ઝબેહ કરી શકે છે. બાગબાને અરઝ કીધી કે, **અય નબીયલ્લાહ! આપ ખુદાના પસંદીદહ નબી છો. ખુદાતઆલાને અરઝ કરો અને પછી જે ફેસલો ખુદા મારા હક્કમાં આપશે તે મને કુબૂલ-મન્ઝૂર હશે.**

આ અરઝ પૂરી થઈ કે, ફૌરન મૌ. જિબ્રઈલ (અ.સ.) ખુદાનો હુકમ સાદિર કરવા દાઊદ નબી ઉપર નાઝિલ થયા અને ફરમાવું કે, "અય દાઊદ, ખુદાનો ફેસલો એ છે કે, બાગબાનને કત્લ કરવામાં આવે અને જે બાગ પર તેનો હમણા કબ્ઝો છે, તેને યતીમ દીકરાને સોંપી દેવામાં આવે. હવેથી આ બાગનો માલિક તે યતીમ દીકરો જ છે. આ સાથે દીકરાને હુકમ કરો કે, તે પોતે જ બાગબાનને કત્લ કરે. કત્લ બાદ દીકરો પોતાના ઘરવાલાને લઈને તે બાગમાં જ રહેતો થઈ જાય."

જે વક્ત આ વારેદાત બની તો જંગલી આગ જેમ પૂરા ઈલાકામાં વાત ફેલાય ગઈ. બાગને આસપાસ લોગો જમા થઈ ગયા. દાઊદ નબીએ લફઝન-લફઝન ખુદાનો આખિરી ફેસલો લોગો દરમિયાન સંભળાવી દીધો. આમ પબ્લીક ગુસ્સામાં આવી ગઈ અને ફેસલાને નામન્ઝૂર કરી દીધો. મૌ. જિબ્રઈલ દોબારહ નાઝિલ થયા અને ઈરશાદ કીધો કે, અય દાઈદ! તમેં ફલાઁ દરખ્ત તરફ જાવ અને ત્યાં તમેં એક મોટા પત્થરને જોશો. તે પત્થરને હટાવજો અને તેના નીચેની ઝમીનને આપના જેટલી ઊંચાઈના માપથી ખોદજો. આપે ખોદવાના ઔઝાર મંગાવા અને આપના અસ્હાબે ૬ ફુટ જેટલી ઝમીન ખોદી. ખોદતા ખોદતા તેમને એક મોટું સફેદ કપડું નઝર આવું. **કપડા પરથી તમામ માટીને હટાવી અને શું જોઈ છે કે, એક તાઝી લાશ તેના અંદર લપેટેલી હતી.** તમામ લોગો હયબતમાં અને ખૌફમાં પડી ગયા. તેમાંથી ચંદ શખ્સો પુકારી ઉઠા કે , અય દાઊદ! આ લાશ તો તે યતીમ દીકરાના બાપની છે!!!

યતીમ દીકરાને બોલાવવામાં આવો અને તેં પોતાના બાપને પહેચાની લીધો. કહ્યું કે, "અય દાઊદ નબી! ચંદ મહીના પહેલા મારા બાવાજી કોઈ કામ વાસ્તે ઘરથી નિકલા હતા, પણ પછી એ ક્યાં ગયા આજ દિન તક કોઈને ખબર નથી. મારા બાવાજી પાસે એક મોટી જગા હતી જ્યાં એ ખેતી કરતા હતા અને તેના સબબ મારા બાવાજી પાસે દૌલત ઘણી હતી. પણ મેં કોઈ વાર તે જગા જોઈ નથી. મારા બાવાજી અને તેમની ખેતીવાડીની કોઈ માઅલૂમાત મારા ઘરવાલાને નથી. મારા બાવાજીને આ મુજબ કત્લ કોએ કીધા તે પણ મને ખબર નથી."

મૌ. જિબ્રઈલે ખબર પહોંચાવી કે, દીકરાના બાપનો કાતિલ આ બાગબાન જ છે. પહેલા તે આ બાગમાં નોકરી કરતો હતો, પણ તેએ વફાદારીના બદલે તેના માલિક સાથે ગદ્દારી કીધી અને મૌકો મિલતા જ તેને કત્લ કરીને લાશ દરખ્તના નીચે દબાવી દીધી. પોતે બાગનો માલિક બની બેસો અને તે બાગના અસલી વારિસ જે આ દીકરો છે તેને દર-બ-દર કરી દીધો.
(બકીયાહ પેજ નં. ૪ પર)

**વસીલાની તાકત સલવાત છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧)દુનિયાની _____ અને બાદશાહત હમેશા રહેનારી નથી. તે જેમ બલંદ થાય છે તેમ ખત્મ પણ થાય છે. (૨)

૨)ઝાડ, દરખ્ત.

૩)_____ અને અંજીર એવું ફલ છે કે જેમાં સખ્ત ઠલીયો હોતો નથી.

૭)સૂરતુલ _____ માં ખુદાતઆલાએ અબરહા અને અબાબીલની ઝિક્ર કીધેલી છે.

**✵ આડી તરકીબ :**

૨)શહાદતનો કલેમો પઢનાર હર મુમિનને મૌત આવે છે તે _____ મૌત આવે છે.

૪)દાગદાર, ધારદાર, દમદાર, _____ દાર.

૫)શબ, લૈલ.

૬)દોસ્ત, અઝીઝ, યાર.

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખો | | |
| | ર | જ | બ | |
| દા | ઈ | X | ચા | દી |
| | સ | ખુ | ન | |
| | | દા | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.✫

---

(પેજ નં. ૧ નું બાકી) **ખુદાનો વુજૂદ....**

હતી કે, તે કીડા-મંકોડાથી ભરેલું હતું. બેશુમાર, બેશુમાર. આ ઝિક્ર અલીએ આઅલા, મૌલાએ દોજહાઁને નઝદીક નિકલી. પૂછનારે પૂછું કે, શું ખુદાતઆલાને આનું ઈલ્મ હશે કે, તે જંગલમાં કેટલા કીડા-મંકોડા છે? આપે ફરમાવું કે, તેનો ખાલિક ખુદાવંદે આલમ છે, પણ તાઈદે ઈલાહીથી જે મને તાઅલીમ આપવામાં આવી છે, તેના સબબ મને ખબર છે કે, તેની તાઅદાદ કેટલી છે અને તેમાં નર કેટલા છે અને માદા કેટલા છે. હરએકનું વઝન કેટલું છે અને તે કેટલા અય્યામ તક ઝિંદા રહેશે અને તેનો ખોરાક કયાં છે. ખુદાતઆલા અને ખુદાના વલીને આ તમામ ચીઝનું ઈલ્મ હોય છે.

**ઈન્નલ ઈલ્મા ઈન્દલ્લાહે જમીઆ.** ✫

---

(પેજ નં. ૨ નું બાકી) **ઈમામુઝ્ઝમાન (અ.સ.)....**

અને હમને ઈમામે હક્કની ઝિમ્મેદારી સોંપીને હમેં આ મૈયેત જિસ્મોમાં ઈમાનની રૂહ ફૂંકીએ છીએ. આ રૂહ ત્યાં તક બાકી રહે છે જયાં તક જિસ્મો હમારાથી રૂહાની ફાયદો હાસિલ કરે છે અને અલ્લાહના નામની હકીકી માઅરેફત હમારા મીસાક, મોહબ્બત અને મકામથી કરે છે. જો આમા ઝર્રા બરાબર ફરક પડી જાય તો તે શખ્સ અલ્લાહના નામોની બરકત હાસિલ કરી શકતો નથી. દિલ પત્થર જેમ સખ્ત અને ચહેરો બેનૂર અને ફીકો બની જાય છે. “લહુલ અસ્માઉલ હુસ્ના, ફદઊહો બેહા” તેના વાસ્તે બહેતરીન નામો છે, તો તેનાથી જ તેને પુકારો. ✫

---

(પેજ નં. ૩ નું બાકી) **કિસ્સા....**

અય દાઊદ, ખુદા અને કાતિલ સિવાય આ હકીકતની કોઈને ખબર ન હતી. લેહાઝા, ખુદાનો ફેસલો અટલ અને સાચો છે.

દાઊદ નબીએ લોગોને મુખાતિબ થઈને કહ્યું કે, તમેં સઘલાએ જોયું, સાંભલું અને જાણું કે સચ્ચાઈ શું છે! સઘલા પુકારી ઉઠા કે, ખુદાનો જ ફેસલો સાચો છે. આ બદબખ્ત બાગબાન કાતિલ છે. ખુનના બદલામાં ખુન અને ગદ્દારીના બદલામાં બાગ. લોગોએ તે બાગબાનને ખૂબ મારો અને આખિર તેએ પોતાની ઝબાનથી જુર્મનો ઈકરાર કીધો. દાઊદ નબીએ હુકમે ખુદાવંદી મુજબ અમલ કીધો. નિદાએ ખુદાવંદી આવી કે, “મારી ઈઝ્ઝત અને જલાલના કસમ મેં હર મઝલૂમની મદદ કરનાર છું અને તેની આલ-ઔલાદને માલો મિલકીયતનો મુખ્તાર બનાવનાર છું.” ✫

**દૌલતની તાકત સખાવત છે.**

## ખસલત

અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત અને વલાયતના સબબ હમેં ખસલતથી, આદતથી, તીનતથી અને ખિલકતથી પાકો સાફ છીએ. હમેં શીઆ ખોલસા છીએ. હમારા હર અમલમાં અહલુલ બૈત (અ.સ.) ની નસીહત અને તરીકો ઝલકે છે. હમારી હર હરકત-સકનત, આવવું-જાવું, ઝાહિર-બાતિન, ઘર-બાઝાર, તાઅલીમ-વેપાર, બોલ-ચાલ, કૌલ-વહેવારની બુનિયાદ તે શરીઅતના એહકામ પર છે કે, જેના સબક અને દરસ હમને અહલુલ બૈત અને આલે હુસૈન (અ.સ.) ના પાક ઈમામો અને એમના દોઆતોથી ૧૪ સદીઓમાં હાસિલ થયેલા છે.

હમારી ખસલતોની જડ ઘણી ગહેરી અને મઝબૂત છે. આ એક એવું મુબારક દરખ્ત છે, તૈયેબહ દરખ્ત છે કે જેની જડો શરીઅતે મોહંમદીયહની ઝમીનમાં ફેલાયેલી છે અને જેની શાખો અને ડાલાઓ દોઆતની નૂરાની હસ્તીઓના રૂહાની આસ્માનોમાં બલંદ થઈને પસરાયેલી છે. હમારી ખસલતોના બીજ, મૌ. ઈમામ હુસૈન સૈયેદુશ શોહદા (અ.સ.) ની માતમી મહેફિલો અને આહોઝારીની મજલિસોમાં હમારા દાઈએ બોએલા છે. નમાઝોમાં અને ઝિયારતગાહોમાં આ પાકીઝા બીજોએ એક હસીન અને ખૂબસૂરત દરખ્તની શિકલ ઈખ્તિયાર કીધેલી છે. **જેને આ કીમતી દૌલત નસીબ થઈ નથી તેઓ હમને જોઈને હસદ કરે છે, રશ્ક કરે છે અને પોતાની ઝાત પર શરમાઈ છે.**

મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, શું હમારે માનનાર હમારા શીઆ બીજા જેવા હોય? શું એમની ખસલતો આમ હોય? શું એમની આદતો પસ્ત હોય? ના, હમારી મોહબ્બત એમને લોગોમાં ઊંચો મકામ આપે છે. હમારી ઝિક્ર એમને લોગોમાં ઈઝઝત બખ્શે છે. હમારા શીઆ બીજા કરતા ખાસ એ સબબથી છે કે, તેઓની ખસલતમાં છે કે, તેઓ પોતાના શિકમ-પેટ અને ફરજ-શરમગાહોને હરામકારીથી બચાવે છે, ઈઝઝતને સાચવે છે. હરામ જમતા નથી અને હરામ ચીઝોની શહેવત કરતા નથી. પોતાના બૈરોથી વફાદાર રહીને નઝર અને સોહબતને બીગાડતા નથી.

હમારા શીઆ તો એ છે કે, જેઓને જેહાદ કરવાનું ફરમાન થાય તો પોતાની સહૂલત જોઈને આજકાલ કરતા નથી. હમારા સખ્તમાં સખ્ત ફરમાનને માથે ચઢાવવામાં તાખીર કરતા નથી. **હમારૂં ફરમાન તે નબી અને ખુદાનું ફરમાન સમઝે છે.** હમારી જેહાદ સિવાય બીજી કોઈ જંગમાં શામિલ થાતા નથી. હમારા દુશ્મનને પોતાનો જ દુશ્મન સમઝે છે. ફક્ત તલવારથી નહીં પણ વક્ત આવે તો અમલથી, ઈલ્મથી, ઝબાનથી અને માલથી જેહાદ કરવામાં એ પલક બરાબર ચુકતા નથી.

હમારા શીઆ તે છે કે, જેના અમલ પોતાના ખાલિકની ખુશી વાસ્તે હોય. ખુદ એક મખ્લૂક છે, તે જાણીને તેઓ પોતાના ખાલિકની અઝમતને દિલમાં વસાવે છે. એવા કોઈ કામ કરતા નથી કે, મૌત બાદ પોતાના ખાલિકની મુલાકાતને વક્ત શરમિંદા થવાય. તેઓ એમ સોચે છે કે, જો દુનિયામાં કોઈના સાથે ખરાબ વહેવાર થાય તો તેને મિલવામાં કેવી શરમ આવે, તો જે પૈદા કરનાર માઅબૂદે ઈલાહી હોય તેની ખિલાફવરઝી કરીને તેની મુલાકત કયા ચહેરે કરીશું? આ તરહ હમારા શીઆ હર તે કામથી પરહેઝ કરે છે કે જેનો હુકમ હમેં કીધો ન હોય.

હર શખ્સની કોઈને કોઈ ઉમ્મીદ હોય છે. તે હર પલ એ ફિરાકીમાં રહે છે કે, તેની ઉમ્મીદ કૌન અને કઈ તરહ પૂરી કરે? કોઈ વક્ત તેની ઉમ્મીદ પૂરી થાય છે અને કોઈ વક્ત તે અધૂરી રહી જાય છે. કોઈ ઉમ્મીદ જાઈઝ હોય છે તો કોઈ ઉમ્મીદ ગૈર-માઅકૂલ હોય છે. એવી હાલતમાં હમારા શીઆ કોનાથી ઉમ્મીદ રાખે? ફક્તને ફક્ત રબ્બુલ ઈઝઝતની બારગાહમાં સરને ઝુકાવીને પોતાની ઉમ્મીદને પૈશ કરે અને મોટામાં મોટી ઉમ્મીદ તો તે કે, જે જે ખૈર કીધું હોય તેના સવાબની ઉમ્મીદ બારગાહે ઈલાહીમાં પૈશ કરે. ઉમ્મીદે અજરના સબબ જ હમારા શીઆ કામિયાબ થાય છે.

હમારા શીઆને કઈ ચીજનો ખૌફ હોઈ શકે? તેઓ પણ ઈન્સાન બશર છે. ભુલ અને ઈન્સાન એક જ તરાઝૂના બે પલ્લા છે. જો ખતા થઈ અને તૌબા કુબૂલ ન થઈ તો ખુદાનો અઝાબ અને સઝા મુકર્રર છે. ખૌફ, અઝાબે ગુનાહનો છે. ગુનાહોને બખ્શાવવું, ઈસ્તિગફાર કરવો, તૌબા કરવી એ હમારા શીઆની ખસલત છે. ખાલિકની નારાઝગી હોય તો મખ્લૂકની રઝામંદી ચાલતી નથી. ગુનાહોની સઝાનો ખૌફ હમારા શીઆના હર અમલને ઘેરી લે છે. આ જ ખૌફ હમારી નજાતનો સબબ બને છે અને આખેરતમાં સવાબના ગુલદસ્તાનો બગીચો બને છે. ✯

**વુઝૂની તાકત પાક-પાની છે.**

## કત્લ

અલ્લાહતઆલા ફુરકાને હકીમમાં સૂરતુલ માએદહમાં ફરમાવે છે કે, "હમેં આપના તરફ (અય રસૂલુલ્લાહ) બરહક્ક કિતાબને ઉતારી જે એના પહેલેની કિતાબોની તસ્દીક કરે છે, સાચી ઠહેરાવે છે અને એ (કુરઆન) આગલી કિતાબો પર નિગેહબાન છે. તો આપ પણ અલ્લાહે ઉતારેલા હુકમ મુતાબિક હુકમ કરો. આપના પાસે જે હક્ક આવો છે, તેને મુકીને એ લોગો (કાફિરો) ની ખ્વાહિશોને તાબેઅ ના થાવ. હરએક ને હમેં અલગ-અલગ શરીઅત અને રસ્તો આપો છે. અગર અલ્લાહ ચાહતા તો તમને એક જ ઉમ્મત બનાવી દેતા. મગર તમને જે આપું (દુનિયા અને તેની નેઅમતો) તેમાં અલ્લાહ તમારી આઝમાઈશ કરે છે, તો ખૈરના કામોંમાં આગલ વધો અને અલ્લાહની જ તરફ તમારૂં પલટવું છે (રૂજુઅ છે) જેથી તમને ખબર કરે કે, તમેં કઈ કઈ ચીઝમાં ઈખ્તેલાફ કરતા હતા."

અલ્લાહતઆલાએ આ જહાનના લોગોને અલગ-અલગ ઉમ્મતોમાં અલગ-અલગ અંબિયાના ઝરીએ અલગ-અલગ શરીઅત આપી, અલગ-અલગ તરહથી આઝમાઈશ કરીને તેઓને દરજાઓમાં તકસીમ કરી દીધા છે. **મગર અલ્લાહએ એક દસ્તૂરૂલ અમલ-શરીઅત બનાવીને આપી કે જેના પર ચાલીને લોગો પોતાના અમલ મુજબ હક્કદારે સવાબ બની શકે.** જો આ દસ્તૂરૂલ અમલ કે જેને નામૂસ પણ કહેવાય તેમાં પોતાની મનમાની, હવાનફસી અને ગરઝ-મતલબથી ઈખ્તેલાફ કરે, ફાટફૂટ કરે અને અસલ ચીઝોને છોડી દે તો આ બધી જ ફિત્નતનો તેઓને જવાબ આપવાનો રહેશે. કોઈ એક પણ અલ્લાહની પકડથી છટકી નહીં શકે.

કોઈના કત્લની વાત આવે તો દિલમાં ડર, ગુનાહ, બેરહેમી અને નાહક્ક કોઈની જાન લેવાના નાપાક ઈરાદાઓની તસ્વીર સામે આવી જાય છે. કોઈ નફસને નાહક્ક કત્લ કરવું તે અઝીમ જુર્મ છે. આ જ જુર્મને અગર હમેં બીજા લેહાઝ અને બીજા પૈરાયામાં જોઈએ કે, અગર એક ઈન્સાનને કત્લ કરવામાં મોટામાં મોટી સઝા હોય, તો જે શરીઅતે હઝારો ઈન્સાનની નફસોને સહી રસ્તો બતાવો, નૈક સલીકો શીખાવો અને સાદો તરીકો સમઝાવો તેને જે વક્ત કોઈ કત્લ કરે તો તેની સઝા કેવી હોવી જોઈએ!!!

હરએક ચીઝ, અમલ, હરકત અને કરતૂત જે શરીઅતે ગર્રા-મુબારક દીનના એહકામને ખિલાફ હોય તો તેને શરીઅતને કત્લ કરવું કહેવાય. દીનના સાત થાંભલા છે, દઆઈમ છે, અરકાન છે, જેને હમેં વલાયત, તહારત, સલાત, ઝકાત, સૌમ, હજ્જ અને જેહાદના નામથી ઓલખીએ છીએ. **આ સાત ફરઝો સિવાય પણ જો કોઈ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), આપના અહલુલ બૈત, આપની આલે અત્હરના ફાતેમી ઈમામો અને તે ઈમામોના નાઈબ દોઆતે હક્કના ઊસૂલ, કલામો, રસમો, ફરમાનો અને બયાનો પર ના ચાલનાર શખ્સ પણ કાતિલે શરીઅત કહેવાય.**

કોઈ કત્લ કરે તો મકતૂલનું જિસ્મ બેજાન થઈ જાય. તેનું જિસ્મ પછી કોઈ ફાયદો કરે નહીં. આ જ તરહ કોઈ શરીઅતનું કત્લ કરે તો તે શરીઅત બેજાન બનીને તે કાતિલને કોઈ ફાયદો કરે નહીં. નમાઝ ન પઢવી, બદકલામી કરવી, વાલેદૈનને ઈઝા આપવી, ગૈરજાઈઝ રસ્તાથી દૌલત કમાવવી, વેપાર-વહેવારમાં ગદ્દારી કરવી, ઘરનો ખયાલ ન રાખવો, સાફ-સુથરા લિબાસમાં ન રહેવું, ગુસ્સો કરવો, નશીલી ચીઝો લેવી, વક્તને ઝાયેઅ કરવો, બૈરો સાથે બદસુલૂકી કરવી, ઔલાદને મોહબ્બતની નિગાહથી ન જોવા વગૈરહ ખિલાફે શરીઅતના કામો કરવા શરીઅતને કત્લ કીધા બરાબર છે.

ઝુલહિજ્જહ મહીનામાં ઈદુલ અઝહા-બકરી ઈદ આવે છે. તેમાં મુમેનીન ઝબીહત કરે છે. ગોશ્તને મુખ્તલિફ શિક્લમાં ઘરમાં પકાવે છે. હવે જેઓ માલી તાકત રાખે છે, પણ ઝબીહત કરતા નથી, ગોશ્ત જમવાથી ઈન્કાર કરે છે, કોઈ સબબ બગૈર, ઈદના દિન ફજરમાં ખુતબા બાદ દોઆ પઢતા નથી, તકબીરા બોલતા નથી, તો આ ચીઝો શરીઅતને બેજાન કરી દે છે. ૧૮ મી એ ઈદે ગદીરે ખુમ્મ યાઅની ઈદુલ વલાયત આવે છે. તે દિનનું કોઈ રોઝું ન રાખે, નમાઝ ન પઢે, વસીલો ન લે, દાઈને મૌલાના અલીયુલ મુરતઝા (અ.સ.) ની જાઁનશીનીની મુબારકબાદી ન આપે, મીસાકની મજલિસમાં ન આવે, તો આ બધો બદ રવૈયો શરીઅતને કત્લ કરી નાંખે છે. જો આમ થયું તો તેના બીજા અમલ મૌસમ બગૈરના ફલ જેવા બદમઝા બની જાય છે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**જમનની તાકત શુક્ર છે.**

(પેજ નં. ૬ નું બાકી) **કત્લ....**

અય કારેઈન! હમારા ફિકરો ખયાલ મુજબ હમને જે ચીઝો ગમતી નથી, ચાલતી નથી, તબીઅતના ચોખટામાં બેસતી નથી પણ શરીઅત તેનો હુકમ કરે છે, તો હમને તે વાસ્તે સો વાર વિચાર કરવો જોઈએ કેમકે, જેનો હમેં ફટ કરીને ઈન્કાર કરી દેતા હોઈએ, તે શાયદ હમને કાતિલે શરીઅત ન બનાવી દે!

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"મન કતલન્નામૂસા કતલહુન્નામૂસો"**, યાઅની, જે શખ્સ નામૂસ યાઅની કે, શરીઅતને કત્લ કરશે તો નામૂસ તેને કત્લ કરી દેશે. આ જ તરહનો કૌલ એક મશ્હૂર ફિલસૂફ અને દાઈએ ઈસ્માઈલી સુકરાતે કહ્યો કે, જે વક્ત તેને ગલત ઈલ્ઝામમાં પકડવામાં આવા અને તેના ખિલાફ ૧૧ શાહિદો ઊભા થઈ ગયા. આ તમામે ગલત શહાદત આપી. એવા હાલાતમાં એમનો ખયાલ એવો હતો કે, પોતે પોતાની સફાઈ અને બેગુનાહીમાં કોઈ જ ચીઝ પૈશ નહીં કરી શકે અને એમને સઝા આપવા હાથમાં ઝહેરનો પ્યાલો ધરી દેવામાં આવો. ઝહેર પીએ તે પહેલા એમના શાગિર્દોએ એમને કહ્યું કે, "અય ઉસ્તાદ! આપ આપની સફાઈમાં દલીલો પૈશ કરો જેથી મૌતથી બચી જવાય." સુકરાતે કહ્યું કે, "મારી શરીઅતમાં છે કે, જે વક્ત શાહિદો તમારા ખિલાફ હોય અને હુકૂમતને તમારી દલીલ મંજૂર ન હોય તો ચુપ રહેવું તે જ સચ્ચાઈ છે. જો હું બોલીશ તો હું મારી શરીઅતનું કત્લ કરીશ, હું જો કાતિલ બનીશ તો હું શરીઅતના હાથે ખુદ કત્લ થઈ જઈશ." ✬

## સદકાની પુકાર

અબ્દુલ્લાહ બિન મસઉદ (રિ.અ.) રિવાયત બયાન કરે છે કે, એક દિન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપના અસ્હાબને પૂછ્યું કે, તમારા માંથી કૌન એવો શખ્સ છે કે, જેને ખુદનો માલ-દૌલત-પૈસા પસંદ ના હોય અને તે એમ ચાહે કે, તેના માલનો ફાયદો તેને નહીં પણ તેના વારિસોને પહોંચે? આ પૈચીદહ સવાલ સાંભલીને તમામે તમામ ચુપ થઈ ગયા. એક-બીજાનું મુઁહ જોવા લાગા. સઘલા મુત્તફિક થઈને એક આવાઝે બોલા કે, **યા નબીયલ્લાહ! હમારા માંથી એવું કોઈ જ નથી કે, જેને પોતાનો માલ પ્યારો ના હોય અને તે એમ ચાહે કે, તે માલથી પોતાને ફાયદો ન થાય!** આપ નબી સાહેબે ફરમાવું કે, તમેં જવાબ આપવામાં જલ્દબાઝી ના કરો. સોચી વિચારીને મને બતાવો. પાછા તમામ થોડી વાર તક ચુપચાપ બેસી રહ્યા. પછી આહિસ્તાથી એક સાહેબ બોલા કે, યા નબીયલ્લાહ, પહેલા જે હમેં આપને જવાબ આપો, હમણા પણ તે જ હમારો જવાબ છે કે, હમને હમારા વારિસો વાસ્તે નહીં પણ હમારો પસંદીદહ માલ હમને જ ફાયદો કરે તે હમેં ચાહીએ છીએ.

આપે ફરમાવું કે, તમારા ખુદનો માલ તો તે છે કે, જે માલને તમેં તમારી આખેરતને સુધારવા, સઁવારવા, સજાવવા, મુઝય્યન અને મુનવ્વર કરવા અરઝ કરી ચુકા છો. તેને મુકદમ કરીને ખરચી ચુકા છો. **કોઈને ખબર ના પડે તેમ તમારા રબની ખુશી વાસ્તે તમેં તમારી દૌલત માંથી સર્ફ કરી ચુકા છો.** આ માલ તમારા ખુદનો માલ છે. ફાયદાનો માલ છે. તેનો ફાયદો હમેશા તમારા સાથે રહેનારો છે. મૌત બાદ તમને કામ આવનારો છે. હવે જે માલ-દૌલતને તમેં રોકી રાખી છે તે તમારા વારિસોનો માલ છે, જે તમને કોઈ ફાયદો કરશે નહીં. તમારા જાવા બાદ તમારા કમાયેલા માલ પર તમારો કોઈ ઈખ્તિયાર રહેશે નહીં. તો, અય મારા અસ્હાબ! રાહે ખુદામાં ખરચ કરેલો માલ જ તમારો માલ છે. બાકીના માલ પર તો હર વક્ત વારિસોની તાલિબાના નઝર હોય છે. તમારી આ દુનિયામાં આઁખ બંધ થાય, તે પહેલા તમેં આખેરત વાસ્તે તમારો બહેતરમાં બહેતર તોશો તમારા માલ માંથી તૈયાર કરી લો.

આપે ફરમાવું કે, અગર કોઈ શખ્સ પોતાના માલ માંથી લેવજહિલ્લાહ સદકો અદા કરે, તો તે સદકો ચાર કલેમાત અદા કરે છે :

૧) મેં કમ હતો અને તુંએ મને ઘણો ઝિયાદહ બનાવી દીધો.
૨) મેં નાનો હતો અને તુંએ મને અઝીમ બનાવી દીધો.
૩) મેં ફાની હતો અને તુંએ મને બાકી બનાવી દીધો.
૪) તું હમણા તક મને સંભાલતો હતો, હવેથી હું તુંને સંભાલીશ. ✬

## અમલની તાકત નિય્યત છે.

## મઝાક

દીને હક્ક-ઈસ્લામ અને દાઅવતે હક્ક-અઝાનનો ઠઠ્ઠો કરનાર, મઝાક-મસ્ખરી કરનારને ખુદાતઆલા ચેતવે છે કે, "અય હસદ કરનાર લોગો ! નમાઝ, અઝાન યા ઈબાદતે રબ્બાની કઈ તમારા મઝાકને કાબિલ નથી. અલબત્તા મઝાકને લાઈક તો તમારી બદતરીન હાલત છે કે, તમને આ દીન અને ઈબાદતની નેઅમત નથી મિલી." મઝાકના બદલામાં આ નસ્રાની અને યહૂદ ઈબ્લીસના ગુલામો થાશે, સુવર અને બંદર જેવી બદશિકલના થાશે, દિન-રાત લાઅનતની ઝંજીરો એ લોગો પર નાંખવામાં આવશે. રાહે હક્કથી ગુમ્રાહ થયેલાઓની આ જ મુજબ હાલત થાશે.

એવા મુનાફિકો પણ હોય છે કે, જે ઈમાનો મીસાકમાં દાખિલ થાવાનો દાઅવો તો કરે છે પણ તેઓના દિલ તો અદાવત, કીનો અને દુશ્મનીથી ભરેલા હોય છે. દાખિલ થયા તો પણ કાફિરાના હાલતમાં અને નિકલા તો પણ કાફિરાના હાલતમાં. **ખુદા અને ખુદાના દાઈ એવા લોગોની છુપેલી અદાવત અને નાપાક ચાલને જાણે છે.** તેઓ બીજામાં ઐબ નિકાલવામાં અને બીજાની મઝાક કરવામાં પોતાની હુશિયારી અને અકલમંદી સમઝે છે. મગર તેઓની આ ફક્ત ભુંડાશ અને કાલાશ છે. દુનિયા-તલબી, શોહરત-પસંદી અને ઓહદાગીરી વાસ્તે તેઓ લોગોમાં દેખાવ, મક્કારી અને કપટબાઝી કરે છે. તેઓનો અંજામ ઘણો બુરો છે.

મદીનતુલ મુનવ્વરહમાં એક નસ્રાની ખુદને હુશિયાર અને પરહેઝગાર સમઝતો હતો. ઈસાઈયતનો પાકો માનનાર હતો અને ઈસ્લામને કડવી નિગાહથી જોતો હતો. એટલી હદ તક તેના દિલમાં કડવાશ હતી કે, જે વક્ત તે અઝાનમાં **"અશહદો અન્ના મોહંમદન રસૂલુલ્લાહ"** ના અલ્ફાઝ સાંભલતો તો કહેતો કે, **"અહરકલ્લાહો અલ-કાઝિબ"**, અલ્લાહ કાઝિબને જલાવી દેજો. મઆઝલ્લાહ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે બદ્દોઆ કરતો અને મઝાક ઉડાવતો. આ જ મુજબ રોઝ તેની આદતે બદ હતી. એક દિન તેનો ખાદિમ ઘરમાં જમન પકાવવા વાસ્તે લાકડીઓમાં હવા ફૂંકી આગ લગાવતો હતો. આમ કરવા જાતા આગ માંથી એક ચિંગારી એવી ઉડી કે, આસપાસ પડેલા સામાનમાં તે ચિંગારી ગઈ અને એક લમ્હો ન ગુઝરો કે તેમાં આગ ભડકી ઉઠી. આગ લાગવાની કૈફીયત એવી ભયાનક અને શોઅલાઅંગૈઝ હતી કે, ચંદ પલમાં તે મલઊન નસ્રાની અને તેના ઘરવાલા બલીને ખાક થઈ ગયા.

કોઈ જેવું કરશે તેવું તેના સાથે થાશે. બીજા વાસ્તે કોઈની બુરી સોચ અને મન્સૂબો હોય તો શાયદ કે, એવું થાય કે તે જ ચીઝ તેના ખુદ વાસ્તે બને. બીજાના કામ ખરાબ કરવામાં જેટલો વક્ત ઝાયેઅ થાતો હોય, જો એ જ વક્ત કોઈ બીજાની અચ્છાઈ થાય તેમાં ગુઝારવામાં આવે તો તેની ઈઝ્ઝતમાં કેટલો ઈઝાફો થાય અને તેના રિશ્તા કેટલા ગહેરા અને મીઠા થાય. ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, તમેં જો બીજાની મઝાક ઉડાવશો તો ખુદા તમારી પણ મઝાક ઉડાવશે. તમેં જો બીજા સાથે મકર-ધોકેબાઝી કરશો તો ખુદા પણ તમારા સાથે મકર કરશે. જેમ ખુદાતઆલા તમામ રહેમ કરનારાઓ પર રહેમનો કરનાર છે, તેમ દુનિયાના તમામ મકરબાઝો સાથે સખ્તમાં સખ્ત મકર કરનાર છે.

**વલ્લાહો ખૈરૂલ માકેરીન.** ✯

## શહીદે આઅઝમ સૈ. બ મૌ. અલી શમ્સુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ (આ.કુ.)

**ઉર્સ મુબારક : ૨૩ ઝુલકઅદહ ૧૦૪૬ હિ.**

દિલ સે ક્યું યાદ મેરે આપકી જાયે મૌલા,
ક્યોં કે હર દિલ મેં હે ઘર અપના બનાયે મૌલા.
હો ગયા સીનએ તરીક તેરે હિજ્ર સે શક,
ઔર ખુદ હિજ્ર હે મગમૂમ બરાયે મૌલા.
અપની જાઁ દીન પે કુરબાન કી હે મૌલા ને,
સિઝદે રબ રૂત્બએ આલી હે જો પાયે મૌલા.
અપની રફતાર સે ગુફતાર સે કયા કયા ન કીયા,
રાહ પર ખાર મેં ભી ફુલ ખિલાયે મૌલા.
અહમદાબાદ મેં બાતિલ કી હવા ખૂબ ચલી,
હાથ સે પરચમે હક્ક કો ન ગિરાયે મૌલા.
શાઈરો આલિમો ઝાકિર થે મસીહાએ ઝમાઁ,
એક ગુલ હી મેં સભી ખુશ્બૂ બસાયે મૌલા.
ખૂને દિલ દે કે દિયા કર દીયા તુમ ને રૌશન,
જિસ પે પરવાના હરએક જાન લુટાયે મૌલા.
થે વો પાબન્દે સિરૂફલ્લૈલ ઔર નામઝે શબ કે,
યે ભી એક ખાસ ઈબાદત થી બરાયે મૌલા.
વો નશેમન કી હો કયા બાત જહાઁ હો ન ચમન,
જબ સે ઉઠા હે રઝા સાયા તેરા અય મૌલા. ✯

**નિય્યતની તાકત ફિકર છે.**

## ત્રણ ઈબાદત

અલ્લાહતઆલા કુરઆને હકીમમાં ઈરશાદ કરે છે કે, "અકીમુસ સલાતા વ આતુઝ ઝકાતા વ અકરેઝુલ્લાહા કરઝન હસનન", યાઅની, તમેં નમાઝને કાઈમ કરા કરો, ઝકાતને અદા કરતા રહો અને અલ્લાહતઆલા વાસ્તે નેક કરઝ આપી દો. સૂરતુલ મુઝઝમ્મિલની આખિરી આયત છે કે, જેમાં ત્રણ ઈબાદતોની ઝિક્ર છે. એમ નથી કે ફક્ત નમાઝને જ ઈબાદત કહેવાય. પણ નમાઝ સાથે ઝકાત અને તે સાથે માથા પર અલ્લાહ વાસ્તે જે કરઝ હોય તેને પણ ઈબાદતમાં જ શુમાર કરાય છે. આ ત્રણે ઈબાદતોની કેફીયત, તરીકો, વક્ત અને અદાયેગી અલગ-અલગ છે. નમાઝની વાત કરીએ તો તેને એક દિનમાં રોઝ પાઁચ વક્ત પઢવાનો હુકમ છે, ઝકાત વાસ્તે શહરૂલ્લાહમાં સાલમાં એક વાર બચત કીધેલી દૌલત પર દાઅવતે હક્કમાં ગિન્તી મુજબ અદા કરવાનું ફરમાન છે.

પણ "કરઝન હસનન" ની માઅના અહલુલ બૈત (અ.સ.) ના મુમેનીન વાસ્તે હક્કુન્નફસની છે, જીવછુટની છે. આ કરઝ બહેતરીન તરીકાથી અલ્લાહના વલી અને દાઈને નફસની નજાત વાસ્તે ઝિંદગીમાં એક વાર અદા કરવાનો હુકમ છે. મરનારની દૌલત માંથી પહેલામાં પહેલા તેના વારિસો આ કરઝને અદા કરે. મરનારને શક હોય કે, તેના વારિસો આ લાઝિમી કરઝને અદા કરવામાં કુસૂર કરશે તો તેને જોઈએ કે, પોતાની ઝિંદગીમાં જ તેને અદા કરી દે. એક દિનમાં પાઁચ ફરઝની ૧૭ રકાત હોય છે તેને અઠવાડીયાનાં ૭ અય્યામ સાથે ગિનીએ તો ૧૧૯ થાય છે. આ મુજબ "હસનન" ના અદદ (લફઝી વઝન) ૧૧૯ થાય છે. **તો હક્કુન્નફસને ૧૧૯ ની ગિન્તીમાં અદદ કરવો જોઈએ.** જો ઝિયારત પહેલા આ કરઝ અદા ના થયો તો ના તો ઝમીન તે નફસને કુબૂલ કરે છે, ના તો આસમાન પર તે ચઢી શકે છે. તેને દાઈએ હક્કના વસીલા બગૈર ઈમામુઝઝમાન (અ.સ.) નો નૂરાની સથવારો મિલતો નથી. ઝમીનો આસમાનમાં તે નફસ-જાન લટકતી રહે છે.

જે વક્ત "કરઝન હસનન" ની આયત નાઝિલ થઈ તો પહેલામાં પહેલા જેએ આ કરઝને રસૂલુલ્લાહ બાવાજીની હઝરતે મોહંમદીયહમાં અદા ફરમાવો તે અમીરૂલ મુમેનીન મૌલાના અલીએ આઅલા હતા. તે વક્તથી આ સુન્નત અને તરીકો અહલુલ બૈત (અ.સ.) અને આપના મુમેનીનમાં રાઈજ છે. રિવાયતમાં આ કિસ્સો મરકૂમ છે કે, એક એરાબી (ગામડીયો) હાથમાં ઊંટની નકીલ પકડીને રસ્તામાં ગુઝરી રહ્યો હતો. ચાલતા ચાલતા મૌ. અલી (અ.સ.) નઝર આવા. આપના પર સલામ પઢો અને મુલાકાત કીધી. એરાબી ખુશી-ખુશી અરઝ કરવા લાગો કે, યા અમીરલ મુમેનીન! હમણા જ મેં મદીનામાં આવો છું. આ ઊંટને મને વેહચવાનો છે. આપની મુલાકાત થઈ તો હું ચાહું છું કે, આપ આ ઊંટને ખરીદી લો. આપ મૌલાએ ફરમાવું કે, **ભાઈ! આ તારા ઊંટની કીમત ચુકાવવા વાસ્તે મારા પાસે કોઈ નકદ દીનાર નથી.** તું જા, કોઈ બીજું તુંને મિલી જાશે અને જે ઉમ્દા રકમ તુંને હાસિલ થાતી હોય તે લઈ લે અને ખુશ રહે. એરાબી બોલો કે, યા અલી ! મને પૈસાની કોઈ જલ્દી નથી. જે વક્ત આપને માલે ગનીમત હાસિલ થાય તે વક્ત મને આપજો.

આપ મૌલાએ પૂછું કે, અય એરાબી! તું મને આ ઊંટની કીમત તો બતાવ. એરાબીએ કહ્યું કે, ૧૧૯ દિરહમ આપ મને આપજો જે મારા માથા પર દૈન છે, કરઝ છે. આપ મને આપશો તો મેં ફૌરન તે દિરહમને બીજાને અદા કરી દઈશ. આપ મૌલાએ ફરમાવું કે, આ ઊંટને મેં ખરીદી લીધો. એરાબી બોલો કે, મેં આપને વેચી દીધો અને આપે ઊંટની નકીલ આપના હાથમાં લઈ લીધી. આપ ઊંટ લઈને ચાલી રહ્યા હતા કે, સામેથી એક બીજો એરાબી આવો અને કહ્યું કે, આપના હાથમાં આ ઊંટ કેટલો હસીન લાગે છે. મેં ચાહું છું કે, આપ તેને મને વેહચી દો. આપે ફરમાવું કે, લે મેં તુંને આ ઊંટ વેહચી દીધો.

તે એરાબીએ કીમત પૂછી તો આપે ફરમાવું કે, ૧૧૯ દિરહમ. એરાબીએ ફૌરન એક થેલી નિકાલી અને તેમાંથી ગિનીને ૧૧૯ દિરહમ આપ મૌલાના હાથમાં થમાવી દીધા. ૧૧૯ દિરહમ લઈને અલીએ આઅલા, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દરબારમાં પૈશ થયા. આપનો ચહેરો જોતા જ નબી સાહેબે **"કરઝન હસનન"** ની આયતે શરીફહ પઢી. મૌલા અલી ફૌરન તે આયતની હિકમત, રાઝ અને તાવીલ સમઝી ગયા અને તે રકમને નબી સાહેબને સામે પૈશ કરી દીધી. નબી સાહેબે પૂછું કે, અય અલી! આ ૧૧૯ દિરહમ ની રકમ તમેં કહાઁથી લાવા? આપે અવ્વલથી આખિર તક રસ્તામાં જે

(બકીયાહ પેજ નં. ૧૧૫૨)

**ફિકરની તાકત અકલ છે.**

## દુનિયા અને દુનિયાવાલા

કોઈને દુનિયાની વ્યાખ્યા કે તાઅરીફ પૂછવામાં આવે તો તે ઘણા બધા તૌર-તરીકાથી તેની બયાની કરશે. હમારા નઝદીક દુનિયા સૌથી નીચી ચીઝ છે જ્યાં હમને હમારી ઝિંદગી ગુઝારવાની છે અને યહાઁથી ગુઝર કરીને હમારી અસલી જગા પર હમને પલટવાનું છે, રૂજુઅ થાવાનું છે. હમારી નઝરમાં આ **"દુનિયા"** એક તરહની ગુઝરગાહ છે, મુસાફિરખાનું છે, બલા-આફતનું ઘર છે, ઈમ્તેહાનની જગા છે, ફિત્ના-ફસાદનો ચક્કર છે, ફનાનું ઠેકાણું છે, મૌત-હયાતનો ઈન્કેલાબ છે, તબીઅતનો ઉતાર-ચઢાવ છે, નાપાકી-શયતાનીયતનો મહેલ છે, ખુદાની માઅસીયત-ગુનાહોંનો સામાન છે.

**"દુનિયા"** ની આ પહેચાનને જો કોઈ શખ્સ બરાબર દિલમાં ઉતારી લે અને તેના ખતરાઓથી વાકિફ થઈ જાય તો પછી તેના વાસ્તે દુનિયા એક ઈબાદતગાહ અને દરસગાહ બની જાય છે. આ આકિલ અને હુશિયાર શખ્સ વાસ્તે હમેં દુનિયાની તાઅરીફ એ મુજબ આપીશું કે, **દુનિયા, ખુદાની કુદરત અને તાકતનો એક હસીન નમૂનો છે**, દુનિયામાં રહેલી ચીઝોથી દીનના અરકાનને જાણી શકાય છે, આખેરતમાં જાવાનો દુનિયા એક વસીલો છે, દુનિયાની પૈદાશુદા હર ચીઝ ઈન્સાનની તરક્કી અને બલંદી વાસ્તે બનેલી છે, દુનિયા માંથી જોઈતું જ લઈને આખેરતની તૈયારી કોઈ કરશે તો મંઝિલે ફતેહ પર પહોંચી જ જાશે, દુનિયાનો મલબો (જિસ્મ) દુનિયામાં જ રહી જાશે પણ આસ્માની ચીઝ (જાન) ને તેની જગા તરફ પહોંચાવવી કોશિશ જ સહી મતલબમાં દુનિયાને સમઝવું છે.

આ તમામ નુકતાઓની બહેતરીન મિસાલ એ છે કે, એક શખ્સના પાછલ એક હાથી નાસો અને એ મુજબ તેઝ નાસો કે, તે હાથી તે શખ્સથી ખૂબ કરીબ થઈ ગયો. શાયદ કે, તેની સૂંઢમાં પકડીને તેને પછાડી દે અને ખાતેમો કરી નાંખે. દોડતા દોડતા તેં એક ખુલ્લા કૂઁવામાં છલાંગ લગાવી દીધી. પાની માંથી પોતાનું મૂઁહ ઊંચું કીધું અને જોયું કે, જંગલી ગાંડો હાથી સૂંઢ હલાવીને ઝોર-ઝોરથી બૂમો પાડી રહ્યો છે. તેને લાગું કે, જો તે કૂઁવાની દીવાલ પકડીને બાહર નીકલશે તો હાથી તેને કચડી નાંખશે. લેહાઝા, તે દીવાલના પત્થરો પકડીને પાનીથી થોડો ઉપર ચઢો અને ત્યાં એક ઝાડની જડ નીકલેલી હતી, તેને પકડી લીધી. **પત્થર અને ઝાડના મૂલીયાંના સહારે તે કૂઁવાની દીવાલથી લટકી રહ્યો.** ખૌફમાં ને ખૌફમાં તે આમતેમ જોવા લાગો અને તેના વાસ્તે તઅજ્જુબની બિના તો એ બની કે દીવાલના એક મોટા બાકા માંથી બે મોટા ઉંદરો એક સફેદ અને બીજો કાલો, આહિસ્તા-આહિસ્તા જે મૂલીયાં પર તે શખ્સ લટકેલો હતો તેને પોતાના નોંકદાર દાંતોથી કતરવા લાગા. તે શખ્સની નઝર પછી કૂઁવાના પાનીમાં પડી અને જોયું કે, એક મોટો સાપ ફન ફેલાવીને મૂઁહ ખુલ્લું રાખીને પોતાના શિકારને નિગલવા બેસેલો હતો.

થોડી વાર પછી તે શખ્સને ભુખ લાગી તો જોયું કે, એક દરખ્તની ડાલીઓ કૂઁવામાં ઝુકેલી છે અને તેની એક ડાલ પર મધમાખીઓએ પૂડો બનાવેલો છે. મધ ચાટવા તે શખ્સ જેમ તેમ કરીને તે ડાલી તક પહોંચો અને જેટલું મધ હાથમાં આવું તેટલું ચાટવા લાગો. આમ કરવાના સબબ તેના હાથ પર મધમાખીઓએ ઘણા ડંખ મારા મગર તે શખ્સને પોતાની જાન બચાવવાની હતી, લેહાઝા તેં ડંખના દર્દને બરદાશ્ત કીધું.

આ એક મિસાલ એવી હતી કે, જેની હકીકત કઈ અલગ જ છે. જે કૂઁવો છે તે દુનિયા છે. કૂઁવાની દીવાલ પર જે દરખ્ત ઉગેલું છે તે, તે શખ્સની ઉંમર છે. બે ઉંદરો જે દીવાલના બાકા માંથી નીકલા, એક હતો સફેદ અને બીજો કાલો, તે દિન અને રાત છે જે તેની ઉંમરને એક બાદ એક કતરે છે અને ઝિંદગી માંથી કલાકોને ઓછા કરે છે. કૂઁવાના પાનીમાં જે મોટો સાપ શિકારની વાર જોઈને બેસેલો છે, તે મૌત છે. ઉપર તે શખ્સની ઝિંદગી કપાઈ રહી છે અને નીચે તેની મૌત વાર જોઈ રહી છે. વધારે વક્ત તક તે મૂલીયાઓના સહારે લટકી શકશે નહીં. મૌત તેને પોતાનો લુકમો બનાવીને જ રહેશે. મધપુડા માંથી મધનું ચાટવું તે દુનિયાની થોડી –થોડી લઝઝતોને ચાખવું છે અને જે માખીઓ તેને ડંખ મારે છે તે દુનિયાના લોગો છે જે તે શખ્સને ઈત્મિનાન અને ચૈનથી દુનિયાની લઝઝત લેવા દેતા નથી. ડંખ મારી મારીને તેને સતાવા કરે છે. લેહાઝા, દુનિયા બેકરારીની જગા છે અને આફતોંનો સામાન છે. ☆

**અકલની તાકત રઝાએ સાહેબે હક્ક છે.**

## દુનિયા મિલે, મિલે ન મિલે ઉસકા ગમ નહીં

જિસ દિલ કો દર્દે ઉલ્ફતે ખૈરૂલ બશર મિલે,
બેલૌસ ઉસકો ફરહતે શામો સહર મિલે.
હક્ક કે વલી, વસીએ નબી ફખરે કાએનાત,
દર કા તેરે ગદા હું મૈં ઝાદે સફર મિલે.
યાદે અલી મેં રહેતા હું હરદમ મૈં બેકરાર,
દામન કો મેરે અશ્કોં કે લાઅલો ગોહર મિલે.
અલ્લાહ રે દિયારે નજફ કી યે અઝમતેં,
ખાકે નજફ કે ઝર્રોં મેં શમ્સો કમર મિલે.
ચમકેગા આફતાબ કી માનિન્દ હશ્ર મેં,
ઉલ્ફત મેં મુરતઝા કી જો દાગે જિગર મિલે.
મહેશર મેં વો બહિશ્ત કા હક્કદાર હો ગયા,
જિસ ખુશનસીબ કો યહાઁ મૌલા કા દર મિલે.
પાયા જિન્હેં હુઝૂર કી અઝમત સે બેખબર,
વો અઝમતે હયાત હી સે બેખબર મિલે.
અય મુરતઝા મદીનએ ઈલ્મે નબી કે બાબ,
સજદે કી આરઝૂ હે તેરા સંગે દર મિલે.
દુનિયા મિલે, મિલે ન મિલે ઉસકા ગમ નહીં,
ઉકબા મગર દુરૂસ્ત હો, જન્નત મેં ઘર મિલે.
મૈંને કદમ ઉઠાયા હે લેકર તેરા હી નામ,
મંઝિલ કી જુસ્તજૂ હે તેરી રાહગુઝર મિલે.
આતા નઝર નહીં ખુદા, તું ઉસસે કબ જુદા,
હક્કન ઉધર મિલેગા ખુદા તું જિધર મિલે.
પહોંચે જો અર્શ પર શબે મેઅરાજ મુસ્તફા,
જિસ સિમ્ત કી નિગાહ અલી જલ્વાગાર મિલે.
ખોતોબાતે મુરતઝા કી થી સારે અરબ મેં ધૂમ,
જો ભી સખુન મિલે વો સખુન પુરઅસર મિલે.
કિશ્તીએ ઝીસ્ત બહેરે હવાદિસ સે હોગી પાર,
હાતિમ ઝકી સા નાખુદા જબ મોઅતબર મિલે.
અલ્લાહ રે દિયારે નજફ કી યે અઝમતેં,
ફઝલે ખુદા સે મુઝકો શુઊરે સખુન મિલા,
ખાકે નજફ કે ઝર્રોં મેં શમ્સો કમર મિલે.
બહેતર જહાઁ મેં ઈસસે ન કોઈ હુનર મિલે.
ચમકેગા આફતાબ કી માનિન્દ હશ્ર મેં,
ઉલ્ફત મેં મુરતઝા કી જો દાગે જિગર મિલે.
પુરા ન શૌકે દીદ હુવા ઝિંદગી મેં જબ,
હોતે હી બંધ આઁખ શહે બહરો બર મિલે.
ઈસ મુખ્તસર હયાત મેં ખુશીયોં કા ઝિક્ર ક્યા,
ગમ ભી અગર મિલે તો બહોત મુખ્તસર મિલે.
આઁખોં સે અપને દેખલું રોઝા હુઝૂર કા,
યા રબ યે આરઝૂ હે કોઈ રાહબર મિલે.
ફઝલે ખુદા સે મુઝકો શુઊરે સખુન મિલા,
બહેતર જહાઁ મેં ઈસસે ન કોઈ હુનર મિલે.
કિશ્તીએ ઝીસ્ત બહેરે હવાદિસ સે હોગી પાર,
હાતિમ ઝકી સા નાખુદા જબ મોઅતબર મિલે. ✩

## દોઆ

દોઆ માંગો કે છે યે ભી ઈબાદત,
દોઆઓમાં ન હરગિઝ કરજો ગફલત,
દોઆ કરવાથી ખુશ છે રબ્બે ઈઝ્ઝત,
દોઆ સી ઉતરે છે ખાલિક ની રેહમત.
કરો તસબીહ રબ્બિગફિર ઝોનુબી.
દોઆ હથિયાર છે એહલે વફાના,
દોઆ ઝયવર છે હર એહલે સફાના,
દોઆ માં કામ છે આલે અબા ના,
દોઆ છે નકશ મરઝે લા દવા ના.
કરો તસબીહ રબ્બિગફિર ઝોનુબી. ✩

(પેજ નં. ૯ નું બાકી) **ત્રણ ઇબાદત....**

માજરો બનો, બે એરાબીથી આપની મુલાકાત થઈ, કઈ તરહ એક પાસેથી ઊંટ ખરીદીને બીજાને વેચી દીધો, તે તમામ કિસ્સો નબી સાહેબને સંભલાવો. નબી સાહેબ ઈત્મિનાનથી સાંભલતા રહ્યા અને પછી હલકી મુસ્કુરાહટ સાથે ફરમાવું કે, ઊંટ વેચવાવાલો જે એરાબી હતો, તે મૌ. જિબ્રઈલ હતા અને ઊંટ ખરીદવાવાલો જે એરાબી હતો, તે મૌ. મીકાઈલ હતા. આ ઈલાહી ઈન્તેઝામ હતો કે, આપ મને આપનો હક્કુન્નફસ અદા ફરમાવો. કેમકે, આપ તમામ ખલ્કના નફસોના મજમૂઆ છો. હર નફસની આપથી ઈબ્તેદા છે અને આપના તરફ જ તેની ઈન્તેહા છે. ✩

**દીનની તાકત ઈમામે હક્ક છે.**

## બોહલૂલ દાના (રિ.અ.) – અપની ઝબાન

દાઅવતે શરીફહની કિતાબોમાં બયાન આવેલું છે કે, બોહલૂલ (બેહલૂલ) અહલે બૈતે રસૂલ (સ.અ.) ના મોહિબ્બે સાદિક અને શીઆએ ખાલિસ હતા. આપનો રવૈયો અજીબો ગરીબ હતો. આપના આ સુલૂક અને બોલ-ચાલથી લોગો આપને મજનૂન-ઘેલા અને અક્લના ઓછા ગિન્તા હતા. પન અસ્લીયત બિલકુલ જ અલગ હતી. આપ પાગલપનનો ફકત દેખાવ કરતા હતા પન આની આડમાં આપ અહલુલ બૈત (અ.સ.) ની હક્કાનીયત, પાકીઝગી, અફઝલીયત અને મોહબ્બતને ઝાહિર કરીને જાહિલ, લાઈલ્મ, મુનાફિક લોગો અને બનુ ઉમય્યહની મક્કારી અને બનાવટને ખુલ્લી પાડતા હતા. હિકમતની વાતો આપ ખૂબ જ હલકા અંદાઝમાં લોગોને કહી દેતા હતા. આપના આ અંદાઝે બયાનના લીધે બનુ ઉમય્યહના શયતાનો અને અહલુલ બૈતના દુશ્મનો આપનાથી કતરાતા હતા.

અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના શીઆનો આ જ તરહનો અનોખો અંદાઝ હોઈચ. મોહબ્બતે અલીનો હીવો જુનૂન દિમાગ પર સવાર હોઈચ કે લોગોને ઈમ લાગે કે, આ તો પાગલ છે. પન આ તરહ આશિકે અલી પોતાનું ઈમાન છુપાવતા હોઈચ. **એક મુમિન હઝાર પર ભારી હોઈચ.** મોહિબ્બે અલીની બયાનીસી મુનાફિકો ગભરાઈચ. રસ્તો બદલી નાખેચ. નઝરને ચુરાવી લેચ. જો કોઈ જગા પર જૂઠ-બકવાસ હાંકતા હોય તો મોહિબ્બને જોઈને ચુપ થઈ જાઈચ. કિમકે, ભમરો ડંખ મારી શકતો નથી, ફક્ત આવાઝ કરીને પરેશાન કરેચ. મગર મધમાખી પોતાના દુશ્મનને ડંખથી જવાબ આપેચ, જે ખૂબ જ દર્દનાક અને જાનલેવા હોઈચ. લેહાઝા, દુશ્મને અલી આ ડંખથી ભીનેચ.

બનુ ઉમય્યહના લઈનોએ બોહલૂલ દાનાને પોતાના કરી લેવા વાસ્તે ઘના હીલા કીદા, લાલચ આપી, વાઅદા કીદા, પન તે ફરૈબીઓનો કોઈ મકર આપના ઉપર ચાલો ના. વાત તો યાઁ તક ગઈ કે, બનુ ઉમય્યહએ આપને ઓફર કીદી કે, "અય બોહલૂલ! તમને કિતલો માલ જોઈએચ, કિતલા દિનાર-દિરહમ જોઈએચ! હમેં તમને ફલાઁ જગાના આમિલ બનાવી દઈએચ, તમેં આરામથી રહો, પૂરો ઈખ્તિયાર તમારા હાથમાં હમેં આપી દઈએચ." પણ મોહબ્બતે અહલે બૈત (અ.સ.) સી આપનું ઝમીર એ મુજબ રૌશન હતું કે, આપે તે લઈનોની કોઈ વાત પર ધ્યાન આપું ના. આપ મદીનામાં આપની ધુનમાં મસ્ત રહીને ઝિંદગી ગુઝારતા રહ્યા. **દીને હક્ક વાસ્તે આપે આપની દુનિયાને જાતી કીદી. દૌલતને લાટ મારી દીદી.**

બોહલૂલને દાના એ સબબસી લોગો કહેતા હતા કે, આપ હુશિયારીથી, ચાલાકીથી હર વાતનો જવાબ આપીને, હાઝિર જવાબીસી ખુદની ઝાતને બચાવી લેતા હતા. દાના યાઅની હુશિયાર અને ચાલાક. આપની કબ્ર મુબારક ઈરાકમાં બગદાદના નઝદીક એક આબાદીમાં છે અને આપના નઝદીક એક બીજા રૌઝહમાં મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના વસી, મૌ. યૂશઅ બિન નૂન (અ.સ.) ની કબર છે. મુકાસિર મૌલા (દા.મ.) શાઅબાનમાં કરબલાએ મોઅલ્લાની ઝિયારત વાસ્તે ૯૫ મુમેનીનને લઈને પધારા હતા, તે વક્ત આ તમામ ઝિયારતોનો શરફ આપને હાસિલ થયેલો.

રિવાયતમાં છે કે, બોહલૂલ, મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાનમાં ગુઝરાચ. રસૂલુલ્લાહ બાવાજીની મશહૂર હદીસ છે કે, "જો ઈલ્મને સીખવું હોય અને તે વાસ્તે તમને ચીન પણ જાવું પડે તો જાજો." મદીનામાં બનું એમ કે, ચંદ લોગોને થયું કે, ચલો! અપને ઈલ્મને પઢવા ચીન જઈએ. આની ખબર બોહલૂલને થઈ કે, ફલાના વક્ત પર આ લોગો ચીન જાવા રવાના થવાનાચ. મદીનાને બાહર જે રસ્તાથી થઈને આ ગિરોહ જાવાનું હતું તાં આપ ચાન્નીને લઈને બેસી ગયા અને કોઈ ચીઝ ઢુંઢવા લાગા. ચીન જાનારૂં ગ્રુપ તાં આવું અને આપને કંઈ ઢુંઢતા જોઈને કહ્યું કે, બોહલૂલ! યાઁ શું તલાશ કરોચ? આપે જવાબ આપો કે, **મદીનામાં મારો એક દીનાર (પૈસો) ખોવાયોચ તેને મેં તલાશ કરૂંચ!** આ જવાબ પર સઘલા આપના ઉપર હસવા લાગા, આપની મસ્ખરી કરવા લાગા. કહ્યું કે, દીનાર મદીનામાં ખોવાયોચ અને આ પાગલ બોહલૂલ યાઁ મદીનાને ભાર તલાશ કરેચ.

બોહલૂલ હકીમાના કલામ કહીને ફરમાવેચ કે, વાહ! વાહ! મેં પાગલ નથી, પન તમેં સઘલા પાગલ છો. તમારી અક્લ પર પડદા પરી ગયાચ. તમેં મારી મસ્ખરી ના કરો, પન ખુદ પર હસો કે, જે ઈલ્મ પઢવા તમેં ચીન જાવ છો તે આલિમોના સરદાર (બકીયાહ પેજ નં. ૧૬ પર)

**નફસની તાકત અમલે સાલેહ છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો ૩૦

### મઝલૂમ-મક્તૂલના વારિસ પર ખુદાતઆલાની ઈનાયત થાય છે અને તેને સલતનતનો માલિક બનાવવામાં આવે છે.

ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "જે કોઈ શખ્સ મઝલૂમ (જેના પર ઝુલ્મો જબર અને નાઈન્સાફી થઈ હોય) કત્લ કરવામાં આવશે તો એના વારિસને હમેં શાહી આપીશું (સલ્તનતના માલિક બનાવીશું). લેહાઝા તમેં કોઈને નાહક્ક કત્લ કરવામાં દસ્તદરાઝી, શિતાબી અને ઝાલિમાના અમલ કરવાથી પરહેઝ કરો. જે શખ્સને કત્લ કરવામાં આવો હોય તેને ખુદાતઆલા તરફથી યારી દેવામાં આવશે."

આ આયતે કુરઆનીયહમાં સાફ-સાફ ઈશારા છે અને તેમાં ઈલાહી હિકમત છે કે, જે શખ્સ હક્ક પર હોય, એને નાહક્ક સતાવવામાં આવે, ઝબરદસ્તીથી એની તમામ ચીઝોને છીનવી લેવામાં આવે, એના ઘરવાલાને દર-બ-દર કરવામાં આવે, એના પર ઝુલ્મો-સિતમ કરીને મજબૂરો બેબસ કરવામાં આવે, હર રાહતને આફતમાં તબ્દીલ કરવામાં આવે, ઝિંદગીને કડવી બનાવી દેવામાં આવે, હર આઝાદીને કૈદ કરી દેવામાં આવે, રોઝી અને વેપારના અસ્બાબને બંધ કરી દેવામાં આવે, યહાઁ તક કે, વક્ત એવો આવે કે એના પર હમલો કરીને એને કત્લ કરી દેવામાં આવે તો **જેઓએ ઝુલ્મ કીધો હશે તેઓ પોતે બીજાને હાથે ઝુલ્મનો શિકાર બનશે અને જેઓ મઝલૂમ હશે તેઓ વારિસો માલિક, સુલતાન અને રઈસ બનશે.**

નાની કરબલા-અહમદાબાદના નાયાબ નગીના, મુમેનીનની નજાતના સફીના, ઈલ્મો હિકમતના ખઝાના, દોઆતે હક્કની તસ્બીહના દાના, ૨૯ માં સીરાજુમ્મુનીર શહીદે આઅઝમ, દાઈએ અકરમ સૈયેદના વ મૌલાના અલી શમ્સુદીન બિન સૈ. ઈબ્રાહીમ (આ.કુ.) ની હયાતે તાહેરહ અને શહાદતે ઉઝમા પર નઝર કરવામાં આવે તો ઉપર મઝકૂર આયતની સચ્ચાઈ અને હકીકત સમઝમાં આવી જાશે. આપના દાદાજી સાહેબ સૈ. શૈખઆદમ સફીયુદ્દીન સાહેબ (આ.કુ.) ના ૧૦૩૦ હિ. માં ઈન્તેકાલ બાદ આપ જે વક્ત મસ્નદે તૈયેબી અને દાઅવતુલ હક્કના તાજદાર બના, આપના દાદાજી સાહેબે ફરમાવેલી આપના ઉપર નસ્સના સબબ દાઅવતની તમામ નૂરાની વિરાસતોના હક્કદાર બના, તે વક્તથી ૧૦૪૬ હિ. તક અહમદાબાદમાં તૈયેબજી લઈનના મકરો ફરૈબથી, તેના ફિત્ના ફસાદથી, ધાક-ધમકીથી, મારપીટથી, પૈસાના ઝૌરથી આપ મૌલા પર આ ૧૬ સાલોના દરમિયાન, હક્કની મસ્નદ પર કબ્ઝો કરવા, જે તરહથી જૂઠ-બનાવટથી લોગોને બહેકાવીને, નસ્સ તેના ઉપર થઈ છે તેવો દાઅવો કરીને આપ મૌલાને પર ઝુલ્મો સિતમ થયા, જબરો તશદુદ થયા, તેની ઝિક્ર કરવાથી કલમ થરથરે છે. **આપની હયાત અને શહાદતની કૈફીયત બયાન કરવાથી દિલો ઝમીરમાં ઝલઝલો વાકેઅ થઈ જાય છે.** મુમેનીન વાસ્તે અહમદાબાદમાં કેવો ઈમ્તેહાનનો વક્ત હશે, કેવો વહેશતનાક-દહેશતનાક-ખૌફનાક આલમ હશે. ઝુલ્મ કેવો કે હર તરફ દુશ્મનો જ દુશ્મનો નઝર આવે.

દુનિયા અને દૌલતના ઝૌર પર દીનના સાહેબ પર આ તરહ ઝુલ્મ કરવામાં આવો. હક્કના સાહેબ સૈયેદના અલી શહીદે આઅઝમ (આ.કુ.) પર ગલબો કરનાર અહલે મુતગલ્લિબ બેકરાર અને બેબસ છે અને રહેશે. તે જૂઠ કે જે આપ મૌલાના ઝમાનામાં આપના ખિલાફ ઊભું કરવામાં આવું, તે મકરો દગા જે આપ વાસ્તે કરવામાં આવા, તે ચાલબાઝી કે જેમાં આમ જાહિલ લોગોને ગિરફતમાં લેવામાં આવા, આ તમામ હીલો અને બનાવટ આજે પણ જારી છે. દુનિયાપરસ્તી અને દૌલતપરસ્તી જે આજે ૩૫૦ સાલથી સૈ. અલી સાહેબના દુશ્મનોમાં ઘર કરી ગયેલી છે, તેના ઝૌર પર હાલમાં તે દુશ્મનો ખુદના જ લોગો પર, ઘરના લોગો પર, ઝુલ્મ કરી રહ્યા છે. **ખુદાતઆલાનો આ એક ખુલ્લો અઝાબ છે જે હક્કના વલી પર ઝુલ્મના સબબથી છે.** બાતિલ હમેશા રહેતો નથી અને તે જહાઁ તક હોય છે તેને જૂઠા લિબાસની ઝરૂરત પડે છે. હક્ક તો હક્ક જ છે અને રહેશે, તેને કાઈમ રહેવા વાસ્તે કોઈ સહારાની ઝરૂરત પડતી નથી. ✭

(બકીયાહ પેજ નં. ૩૫૨) **કિસ્સો...**

**દિલની તાકત ઈમાન છે.**

# એહસાસ

૯ માં ફાતેમી ઈમામ મૌલાના અહમદુલ મસ્તૂર (અ.સ.) આપની મશ્હૂર કિતાબ ઈખ્વાનુસ્સફામાં એહસાસ વાસ્તે ફરમાવે છે કે, એહસાસ બગૈર ઈન્સાન એક ઘડી પણ આ જહાનમાં રહી શકતો નથી. તેની જિસ્માની અને ઝહેની બાંધણી એ મુજબ છે કે, તે જાગતો હોય કે નિંદમાં હોય, એહસાસ તેના સાયા જેમ તેના સાથે જોડાયેલો રહે છે. તેનો નફસ-જાન એક તબીઅત લઈને આ જહાનમાં આવે છે જે બીજા કરતા અલગ હોય છે. ખુદાતઆલાએ તેને અશ્રફ અને અફઝલ બીજા તમામ હયવાનમાં બનાવો તે કઈ આમને આમ નથી બનાવો, મગર તેની અકલ અને એહસાસાતના લીધે બનાવો. જે વક્ત તે પૈદા થાય છે, તો તેના જિસ્મની કુદરત એવી હોય છે કે, તેનું જમવું, તેનું બોલવું, તેનું ચાલવું, તેનું બેસવું, આ બધું પછી આવે છે, પણ પૈદા થાવાના સાથે જ તેનું એહસાસ કરવું શુરૂ થઈ જાય છે.

ઈન્સાન જેમ જેમ મોટો થાય છે, તેમ તેમ તેનો જાન પણ ઉગે છે, વધે છે, પુખ્તા થાય છે, રોશન થાય છે, સોહબત કરતો થાય છે, સબરવાલો થાય છે, ખુશ-ગમગીન થાય છે, સખી-રહેમ કરનારો થાય છે, અમલે સાલેહના શૌક કરનારો થાય છે, ઈલ્મની મંઝિલો તય કરનારો થાય છે, પણ આ તમામ ચીઝો તે વક્ત થાય છે કે, તેને હક્કના સાહેબથી હિદાયત હાસિલ થાય છે. એહસાસે ખૈર આ જ તરીકાથી થઈ શકે છે. **જો આમા કોઈ ખલલ પડી જાય તો શયતાનના વસવસા તેમાં દાખિલ થાય છે અને તેને એહસાસે શરમાં તબ્દીલ કરી દે છે.** ઈન્સાનમાં એક એવું બેનમૂન જૌહર છે જે ખુદાતઆલાની બીજી ખિલકતમાં નથી અને તે છે અકલ. અક્લના નીચે જો એહસાસનો કબ્ઝો હોય તો અમલમાં ખરાબી થાવાના ઈમ્કાન ખૂબ ઓછા થઈ જાય છે.

એહસાસ કરનાર નફસમાં શહેવત ભરેલી હોય છે. હવે જે ઈન્સાન શહેવતનો ગુલામ બને છે તો તે શયતાની શિક્લ ઈખ્તિયાર કરે છે. અક્લથી શહેવતને દબાવી દેનાર શખ્સ રહેમાની શિક્લો સૂરત અપનાવી લે છે.નફસે હિસ્સીયહ યાઅની એહસાસ કરનારી નફસમાં જેમાઅ કરવું, મુકારેબત કરવી, મરદ અને બૈરોનું જિન્સી એતેબારથી મિલવું શામિલ છે. જેમાઅ કરવામાં શેહવતનો હિસ્સો પણ છે. શેહવતનો હિસ્સો વધે તો તે હવસ બની જાય છે. તબીઅત મુજબ જો કોઈ આ એહસાસને અપનાવે તો તે નિકાહના ઝરીએ તકમીલ પર પહોંચે છે. જેમાઅની બીજી સમઝ તનાસુલની છે. યાઅની નસલે ઈન્સાનીને પૈદા કરવા વાસ્તે તદબીર કરવી. ખુદાતઆલાએ આ એક એવો તરીકએ તખ્લીકે નસ્લ મુકેલો છે કે, કોઈ પણ હયવાન નાનું યા મોટું, તેનાથી ખાલી નથી. આના જ સબબ હર હયવાનની સૂરત આ જહાનમાં બાકી રહે છે.

આ જહાનનું નામ "આલમુલ કૌને વલ ફસાદ" છે. યહાઁ પર જો કોઈ એક ચીઝ પૈદા થાય છે તો સાથે કોઈ બીજી ચીઝનો ખાતેમો થાય છે. નાબૂદ થાય છે. વક્ત જાતા હરએકની શિકલ બદલાયા કરે છે. કોઈ એક હાલતમાં બાકી રહેતું નથી. લેહાઝા ખુદાતઆલાની હિકમત એ છે કે, એહસાસાતમાં જેમાઅનો હિસ્સો ના હોય તો બીજા હયવાનના હમ્લા, વબા, તૂફાન, સૈલાબ, બીમારી, જંગ, કત્લ, કહેત-દુકાલ, આગ વગૈરહ ઈન્સાની નસ્લને ખત્મ કરી દે. મગર ખુદાતઆલાએ હરએકમાં મુસીબત-આફત સાથે ટકરાવવાની, હમ્લાઓને રોકવાની, તકલીફનો સામનો કરવાની, મઝર્રત-નુકસાન પહોંચાવનારી ચીઝોને દફઅ કરવાની આદત અને હિમ્મત રાખેલી છે.

મુખ્તલિફ તરીકાથી મઝર્રત-નુકસાન થઈ શકે છે. નુકસાન કરનાર પર ખુદને હાવી-ગાલિબ કરીને, તેને હથિયારોથી ઝેર કરીને, કોઈ વક્ત તે જગા પરથી હટી જઈને, કોઈ વક્ત મઝબૂત મકાનમાં ચાલા જઈને, કોઈ વક્ત સલામત જગામાં આસરો લઈને, કોઈ વક્ત હીલો-ફરૈબ કરીને નુકસાનને ટાલી શકાય છે. **ઈન્સાન જો સહી વક્ત પર સહી જગા પર સહી લોગોમાં સહી નિય્યત સાથે સહી એહસાસ કરે તો તે નુકસાનથી બચી શકે છે.**


ગલત એહસાસાત પૈદા કરનાર ચીઝોની હમારા નઝદીક ભરમાર પડેલી છે. શું સહી અને શું ગલત, તેના દરમિયાન હમેં ઝોલા ખાયા કરીએ છીએ. અખ્બાર, ટીવી, ફિલ્મ, મોબાઈલ, મીડિયા, દોસ્તો વગૈરહનો કબ્ઝો હમારા એહસાસાત પર હદ કરતા ઝિયાદહ રહે છે. હાલતમાં હમને હમારા દોઆત, હમારા બુઝુર્ગો, હમારા વાલેદૈન, હમારૂં દીન (બકીયાહ પેજ નં. ૧૫ પર)

**ઈમાનની તાકત સબર છે.**

## સૈ. વ મૌ. અમીરૂદ્દીન સાહેબ (આ.કુ.)
### ઉર્સ મુબારક : ૨૦ ઝુલહિજ્જહ ૧૨૯૬ હિ.

મજમઉલ ખૈરાત હે દીં કે અમીં કા યે મઝાર,
હો રહી હે જિસ પે નાઝિલ રહેમતે પરવરદિગાર.
ઈસ જગા મદફૂન હે મૌલાના ઈબ્ને નજમુદ્દીં,
દીને હક્ક પર જિસ કા એહસાનો કરમ હે બેશુમાર.
ઝિંદગી મેં સબ કે થે અમીનુદ્દીં હાજિતરવા,
આજ ભી સુનતે હૈં મૌલા કબ્ર મેં સબ કી પુકાર.
ઉર્સ કી મજલિસ મેં શામિલ આજ અમ્લાકો બશર,
કબ્રે મૌલા પર બરાબર હો રહેં હૈં સબ નિસાર.
દેખના ભી હે સઆદત રૌઝએ પુરનૂર,
ઈસ લીયે દેખા કીયા કરતા હું રૌઝા બારબાર. ✮

## Shining Star



Brother **Aliasghar Abbasi Dabhoiwala**, has published a research paper in IJAET (International Journal of Advances in Engineering & Technology). This paper is titled as "Impact of Variable Frequency Drives on Electrical Systems". IJAET, a research platform is a preferred destination for conference organizers, engineers, researchers & academicians; where they come together to issue & receive resources that helps to develop something to cater the needs of society. It is USA based journal of Engineering for the presentation & publication of contemporary research.

This research paper has secured 12th position among 100 scholars research papers at this international platform. It is rare for the papers to get selected & published into this journal. Till now more than 4 of his research papers has been published at National as well as at International level.

Message for the future engineers: "Be more efficient with your time & focus on what is needed for you to understand. Never stop learning & always aim to create something from that gained knowledge to serve the society". ✮

## તિજારત


**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**

---

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

---

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**
**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**
દુકાન નં. ૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ,
ચોખંડી ચાર રસ્તા, વડોદરા.
**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**


---

(પેજ નં. ૧૪ નું બાકી) **એહસાસ....**

અને હમારી સદીઓથી ચાલતા આવેલા પાકીઝા તરીકાનો સહારો લેવો જોઈએ. એહસાસે ખૈરના રસ્તા પર જો હમેં હમારી ઝિંદગીને ઢાલીશું તો ઝિંદગી એક હસીન નેઅમત હમને નઝર આવશે કે જેના વાસ્તે હમેં હર પલ શુક્રની તસ્બીહ કરા કરીશું. ✮

**સબરની તાકત ખુદા પર તવક્કુલ છે.**

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✯

(પેજ નં. ૧૨ નું બાકી) **બોહલૂલ દાના....**

તો તમારા જ શહેર મદીનામાં મૌજૂદ છે. ચીનમાં જે ઈલ્મને તમેં તલાશ કરવા જાઉચ તે ઈલ્મની ખાન, દરીયો અને સરચશ્મો તો તમારા જ શહેરમાં છે. મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) જહાનના તમામ ઓલમાના તાજ છે, રઈસ છે, આકા છે. આપની આ હુજ્જત સાંભલીને સઘલા સમઝી ગયા કે, હમારી બઉં મ્હોટી ભુલ થઈચ. તમામ પાછા મદીનામાં ફિરી ગયા. ✯

## એક આઅલા ઝિંદગી..........કઈ તરહ ?

- ✧ હર ઘડી અલ્લાહથી ડરતા રહો.
- ✧ ઇબાદતમાં બિલકુલ સુસ્તી ન કરો.
- ✧ નૈક અને પરહૈઝગાર લોગોની સોહબતમાં રહો.
- ✧ કોઇને જાણી જોઇને ઝરા પણ ઇઝા યા તકલીફ ન પહોંચાડો.
- ✧ ગલતી થઇ જાય તો મુખ્લેસાના મઆફી માંગો.
- ✧ ગુનાહ થઇ જાય તો દિલથી તૌબા કરી લો.
- ✧ અલ્લાહતઆલાની હર નેઅમતનો શુક્ર અદા કરતા રહો. ✯

**શીઆની તાકત માતમે ઈમામ હુસૈન (અ.સ.) છે.**

## નવાઝિશ

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ખુદાતઆલાએ મને પાઁચ ચીઝોથી નવાઝેલો છે, જે આગલા કોઈ અંબિયાને અતા થઈ નથી:

૧) પૂરી ઝમીનને પાકો સાફ બનાવેલી છે કે જે પર ખુદાના બંદા ઈબાદત કરે અને સજદો દે.

૨) ઈસ્મત અને રોઅબાના સબબ મેં દીને ઈસ્લામની ઈશાઅતમાં કામિયાબ થયો.

૩) મારી ઉમ્મત માંથી જે લોગો મારા સાથે જેહાદ કરે તેના વાસ્તે ગનીમતના માલને હલાલ કરવામાં આવો.

૪) મને કુરઆને કરીમ જેવા આઅલા કિતાબ અતા ફરમાવા.

મારી શફાઅત બીજા અંબિયાની ઉમ્મતો વાસ્તે કુબૂલ કરવામાં આવશે. ✯

**કુરઆનની તાકત અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત છે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.